
# ૨ ઢોરાં

ઈશ્વર પરમાર : બાળ સાહિત્યકાર અને લઘુકથાઓના લેખક તરીકે ઈશ્વર દામજીભાઈ પરમારનું નામ જાણીતું છે. તેમનો જન્મ કચ્છના રોહા ગામમાં થયો હતો. દ્વારકાની ઍજ્યુકેશન કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે તેમણે કાર્ય કર્યુ છે.

એમની બાળવાર્તાઓનો સંગ્રહ 'બહુબીન' અને લઘુકથાઓનો સંગ્રહ 'તુલસીની માળા' છે.

સૂર કૃતિનો – પ્રસ્તુત લઘુકથામાં ગામમાં રહેતા રાજીમાને વૃદ્ધાવસ્થામાં એમનાં ઢોરાં – પશુઓએ સાથ આપ્યો છે. તેમના દીકરાઓ શહેરમાં સ્થિર થયા છે, પોતાના સંસારમાં રચ્યાપચ્યા છે. રાજીમાને ઢોરો વેચી ભજનભક્તિ કરવા સૂચવાય છે. રાજીમા જ્યારે ઢોરાંને વેચે છે તો પણ અર્ધી રાત્રે રાજીમાની ડેલીએ આવી જાય છે. પંડના દીકરાઓ પારકા થઈ ગયા જ્યારે પારકાં ઢોરાં રાજીમાનો સાથ સંગાથ ઝંખે છે. મૂંગાં પશુઓનો રાજીમા પ્રત્યેનો પ્રેમ આ નાની કથામાં જીવંત બન્યો છે.



રાજીમા એકલપંડ ને ડેલીબંધ ઘરમાં નાનાંમોટાં ઢોર નવ ! માજી ઢોર સાથે બોલે ને બાઝે; પાછા પંપાળે !

એમના બેઉ દીકરા ભણતાં ભણતાં પરણીને દૂરના શહેરમાં સ્થિર થઈ ગયા. તેઓ તેડાવે ખરા પણ માજી જવાબ લખાવે : ''ભોમકાની માયા મેલી નથી મેલાતી. તમે સઘરિયાં આંટો દઈ જાવ વેલેરાં.''

ફરી દીકરાનો કાગળ : ''અમારે નોકરીમાં રજા જમે નથી. આવીએ તો છોકરાનું ભણતર ભાંગે, તમારી વહુની તબિયત ઠીક-અઠીક રહ્યા કરે છે. હાલ તો નહીં અવાય. પૈસા મોકલ્યા છે. હવે ઢોરાં વેચીને નિરાંતે રહો. ઘણું વેઠ્યું. ભજનભાવ કરો. તબિયત સાચવજો...''

એકવાર આવા કાગળનો જવાબ લખાવવા મારી દુકાને પત્તું લઈને રાજીમા આવ્યા ત્યારે મેં ય કહ્યું :

''માડી, વેચી દોને ઢોર. નાણાંની ક્યાં આપદા છે તમારે ?...''

ચહેરા પરની કરચલીઓ પર અટકી અટકીને સરતાં આંસુથી ભીના થતા શબ્દોમાં રાજીમા કહે : ''ગગા, ઢોરાંને વેચું છું તો પીટ્યાં પારકા ખીલા તોડાવી-છોડાવીને અધરાતે ડેલીબા'ર ભાંભરડાં નાંખે છે, ને પંડનાં છોરાં... વણવેચે વેચાઈ ગયાં ! નથી લખવો કાગળ મારે...''

પેલું કોરું પત્તું ફાડી ફેંકતા વળી કહે :

''ભાઈ, હવે તો મારે છોરાં ઈ ઢોરાં ને ઢોરાં ઈ છોરાં...''

## ● માર્ગદર્શક સ્તંભ ●

પ્રસ્તુત લઘુકથા સમજાવતા પહેલાં પાલતુ (પાળેલાં) પ્રાણીઓ વિષે પ્રશ્નો પૂછવાં. શહેરમાં લોકો કૂતરાં - બિલાડાં પાળે, ગામમાં ગાય-ભેંસ પાળે, જેથી ગાયભેંસના દૂધમાંથી આવક મેળવી શકાય. પાલતુ જનાવરની વફાદારી અને માણસોની વફાદારીની ચર્ચા કરવી.

'વૃદ્ધાવસ્થા' દરમ્યાન માબાપને સાચવવાની જવાબદારી અંગે વિદ્યાર્થીઓ સાથે વિચારોની આપ-લે કરવી.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલાં શબ્દો લખો.**

(૧) અશ્રુ (૨) સ્વાસ્થ્ય (૩) જાનવર (૪) વતન

(૫) પંડ (૬) મુશ્કેલી (૭) વહેલા (૮) શાંતિ

**સ. ૨ શબ્દોની અંતાક્ષરી પૂર્ણ કરો :-**

તબિયત - તરાજૂ - ( ) - ( ) - ( ) - ( ) - ( )

**સ. ૩ નીચે આપેલા શબ્દો પરથી વાક્યો બનાવો :-**

(૧) શહેર (૨) તબિયત (૩) ભજન (૪) આપદા

**સ. ૪ યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો :-**

(૧) _________ માયા મેલાતી નથી.

(૨) આવીએ તો છોકરાનું _________ ભાંગે.

(૩) રાજીમા એકલપંડ ને _________ ઘરમાં નાનાંમોટાં ઢોર નવ !

(૪) દીકરાઓ દૂરના _________ માં સ્થિર થઈ ગયા.

સ. ૫ યોગ્ય વિકલ્પ શોધી વાક્ય ફરીથી લખો.

(૧) રાજીમા ઢોર સાથે બાઝે, પછી -----.

(અ) નવડાવે (આ) પંપાળે

(ઇ) ખવડાવે (ઈ) મારે

(૨) રાજીમાના દીકરા નોકરી માટે -----.

(અ) પરદેશ ગયા (આ) ઑફિસે ગયા

(ઇ) શહેરમાં સ્થિર થયા (ઈ) વિદ્યાલયમાં ગયા

(૩) દીકરાઓએ રાજીમાને કહ્યું -----.

(અ) ભજનભાવ કરો (આ) પ્રાર્થના કરો

(ઇ) પૂજા કરો (ઈ) સેવા કરો

(૪) પંડના છોરાં પણ -----.

(અ) કીધે જતા રહ્યાં (આ) બોલાવ્યે આવી ગયાં

(ઇ) સાંભળે બોલી ગયા (ઈ) વણ વેચે વેચાઈ ગયાં

સ. ૬ કોણ કોને લખે છે તે કહો.

(૧) ‘‘ભોમકાની માયા મેલાતી નથી’’

(૨) ‘‘અમારે નોકરીમાં રજા જમે નથી’’

સ. ૭ ઉદાહરણ પ્રમાણે ‘નું’ ના યોગ્ય રુપ સાથે ખાલી જગ્યા પૂરો :-

દા.ત. પંડનું - પંડના છોરાં

(૧) (પંડનું) - __________ મકાન

(૨) (પંડનું) __________ દીકરી

(૩) (પંડનું) __________ ભાંડરડાં

(૪) (પંડનું) __________ પૈસા

(૫) (પંડનું) __________ દીકરો

સ. ૮ તમારી દાદીમા/નાનીમા સાથે વીતાવેલ તમારા સ્મરણોને કે અનુભવોને વર્ગમાં કહી સંભળાવો.

સ. ૯ ‘છોરાં ઈ ઢોરાં ને ઢોરાં ઈ છોરાં’ વાક્યને તમારા શબ્દોમાં સમજાવો.

## પ્રકલ્પ

‘વૃદ્ધાશ્રમ’, ‘વિપશ્યના શિબિર’, ‘સાહસ કૅમ્પ’માંથી કોઈપણ એકની દિનચર્યા વિશે તક્તો બનાવો.

શબ્દો કરતાં કાર્ય વધુ અસરકારક હોય છે.

3Z4LH6

## લેખન કૌશલ્ય



## અહેવાલ લેખન

આપણે રોજબરોજના જીવનમાં જે કાંઈ જોઈએ છીએ કે સાંભળીએ છીએ તેને યથાર્થ સ્વરૂપમાં રજૂ કરવું તેને અહેવાલ કહેવાય. સચોટ, સરળ અને સંક્ષિપ્ત અહેવાલ લેખન માટે સૂક્ષ્મ નિરીક્ષણ ખૂબ જરૂરી છે.

ધરતીકંપ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, મોટી આગ, ટ્રેન અકસ્માત, બસ અકસ્માત, પૂર જેવી ઘટનાઓ તેમજ વાર્ષિક સમારોહ, કવિ સંમેલન, પરિસંવાદ જેવા પ્રસંગો બનતા રહે છે. આવી ઘટનાઓનું સમચારપત્રોમાં વર્ણન આવતું હોય છે આવાં વર્ણનોનું આલેખન એટલે જ અહેવાલ લેખન... પત્રકાર બનવા માટે અહેવાલ લેખનની તાલીમ ખૂબ જરૂરી છે.

### અહેવાલ લેખન માટે ધ્યાનમાં રાખવાની કેટલીક સૂચનાઓ :-

- પ્રથમ વિભાગ → સમગ્ર ઘટનાની સંક્ષેપમાં રજૂઆત
  બીજો વિભાગ → ઘટનાનું વિગતવાર વર્ણન
  ત્રીજો વિભાગ → સારાંશ / ઉપસંહાર
- પ્રસંગને અનુરૂપ રોચક લખાણ
- આરંભથી અંત સુધીની ઘટનાનું ક્રમવાર આલેખન
- સાદી, સરળ, સચોટ, અસરકારક ભાષા
- પ્રસંગને અનુરૂપ લોકોક્તિ, કહેવતો, રૂઢિપ્રયોગો, તળપદા શબ્દોનો ઉપયોગ કરવાથી હૃદયસ્પર્શી અહેવાલ બનશે.
- કેટલીકવાર અન્યએ જોયેલી ઘટનાનું વર્ણન કરવાનું હોય ત્યારે તેની સત્યતાની ચકાસણી કરવી, વિગતો મેળવીને તેને ક્રમબદ્ધ વિકસાવવી.

વિષયો : આગ / દુકાળ / પૂર / અકસ્માતની દુર્ઘટના

- વિજ્ઞાન પ્રદર્શનનો અહેવાલ
- પારિતોષિક વિતરણનો અહેવાલ
- વૃક્ષારોપણનો અહેવાલ

## અહેવાલ લેખન (નમૂનો)

❊ તમારી શાળામાં યોજાયેલ પારિતોષિક વિતરણ સમારોહનો અહેવાલ તૈયાર કરો :-

### વાર્ષિક ઈનામ વિતરણ સમારોહનો અહેવાલ

સ્થળ : જ્ઞાનદીપ હાઈસ્કૂલ, સાંગલી
સમય : સવારે ૧૦.૦૦
તારીખ : ૧૨મી ઑગસ્ટ, ૨૦૧૯

શ્રી ગુજરાતી કેળવણી મંડળ, સાંગલી સંચાલિત જ્ઞાનદીપ હાઈસ્કૂલમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯નો વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ શાળાના પટાંગણમાં યોજાયો હતો. ધોરણ - પાંચથી દશ સુધીના વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ ગુણવત્તા મેળવનાર પચાસ વિદ્યાર્થીઓનો અત્રે સત્કાર કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અતિથિવિશેષ પદે સાંગલી શહેરના મેયરશ્રી ઉપસ્થિત હતાં. સંસ્થાના પદાધિકારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉપસ્થિતિ નોંધપાત્ર હતી.

કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્ય અને પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ સ્વાગતગીત મધુર કંઠે ગવાયું. સંસ્થાની ટૂંકમાં માહિતી શાળાના ઉપમુખ્યાધ્યાપિકા બહેને આપી. વિદ્યાર્થીઓના ચહેરા પરનો ઉત્સાહ જણાઈ આવતો હતો. વિદ્યાર્થીઓને રૌપ્યચંદ્રક અને પ્રમાણપત્ર આપીને નવાજવામાં આવ્યા હતા. અતિથિવિશેષે વિદ્યાર્થીઓને પ્રેરણા આપનારું વક્તવ્ય આપ્યું હતું.

શાળાના મુખ્યાધ્યાપિકાએ આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન જ્યેષ્ઠ શિક્ષિકાએ કર્યું હતું.

❊ નોંધ :
મેયર, મુખ્યાધ્યાપિકા, ઉપમુખ્યાધ્યાપિકા, જ્યેષ્ઠ શિક્ષિકા વગેરેના નામોનો ઉલ્લેખ અહેવાલ લેખનમાં કરવા જરૂરી છે.

❊❊❊